# પેટલાદ તાલુકાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું હિન્દી ભાષા પત્યેના વલણનો અભ્યાસ

ડૉ. પ્રભાત એમ. કાસરા
શ્રી પ્રિતમ હાઈસ્કુલ પાસે, સંદેસર

**૧.સારાંશ**

માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી ભાષા પ્રત્યેના રસ અને વલણ જાણવા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું છે આ સંશોધનમાં પેટલાદ તાલુકાની ૧૦ શાળાઓના વિદ્યાર્થીઓને વ્યાપવિશ્વ તરીકે લીધેલ છે. જેમાં નમૂના તરીકે ૭૫ છોકરા અને ૭૫ છોકરીઓ કુલ ૧૫૦ નમૂના લીધેલ છે. આ સંશોધનમાં પ્રશ્નાવલિનો ઉપયોગ કરીને માહિતી એકીત્રત કરવામાં આવેલ છે. આ સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે. t-test કસોટીનો ઉપયોગ કરી માહિતીનું પૃથક્કરણ કરેલ છે. પ્રસ્તુત અભ્યાસના તારણોથી ફલિત થાય છે કે છોકરાઓ કરતાં છોકરીઓના પ્રાપ્તાંક ઉચા જોવા મળે છે.

**૨.પ્રસ્તાવના**

રોજીંદી વાતચીતમાં આપણે વલણ કે 'Attitude' શબ્દનો ઘણીવાર ઉપયોગ કરીએ છીએ મારા શિક્ષકનો કે આચાર્યનો મારા તરફ 'Attitude' સારો નથી. મારા સ્ટાફ મિત્રોને કામ પ્રત્યેનો 'Attitude' સારા નથી. આવા અનેક વિધાનો આપણે સાંભળીએ છીએ સામાન્ય અર્થમાં આપણે વ્યકિતની કોઈ સંસ્થા, પ્રવૃત્તિ કે અન્ય વ્યકિત પ્રત્યેની માનસિકતાને 'Attitude' તરીકે જોઈએ છે. આમ, વલણ એ માનસિક પ્રત્યાચાર હોવાથી ઈન્દ્રિયો વડે અવલોકન શકય નથી પરંતુ વ્યકિતના વર્તન તથા વિચારો પરથી અનુમાન લગાવી શકાય છે.

**૩.સમસ્યા વિધાન**

**પેટલાદ તાલુકાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું હિન્દી ભાષા પત્યેના વલણનો અભ્યાસ**
**A study of Attitude of Secondary School Students of Petlad Taluka towards Hindi Subject.**

**ચાવીરૂપ શબ્દો :** વલણ

**૪.અભ્યાસનું મહત્ત્વ**

સંસારની કોઈપણ વસ્તુનું નિર્માણ થયું હોય પછી ભલે તે કુદરત દ્વારા નિર્માણ થયું હોય કે માનવ દ્વારા નિર્મિત થયું હોય પરંતુ તેનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈને કોઈ મહત્ત્વ રહેલું હોય છે. આવી જ રીતે શિક્ષણમાં પણ જોવા જોઈએ તો તેમાં જે અવનવા સંશોધનો થાય છે. તેનું પણ શિક્ષણ જગતમાં કોઈને કોઈ મહત્ત્વ રહેલું હોય છે. આ સંશોધનની મદદથી ધોરણ–૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીના હિન્દી વિષય પરત્વેના વલણો જાણી શકાય છે. આ સંશોધનની મદદથી ગ્રામિણ અને શહેરી વિસ્તારમાં હિન્દી વિષયની અસરકારકતા છે કે નહિ તે જાણી શકાય છે. આ સંશોધનની મદદથી વિદ્યાર્થીઓના હિન્દીના અભ્યાસ પ્રત્યે વલણો જોઈને હકારાત્મક વલણો હોય તો તેના વધારે શુદ્ધ બનાવી શકાય અને જો નકારાત્મક વલણો હોય તો તેને હકારાત્મકમાં ફેરવી શકાય છે. આ સંશોધનની મદદથી ધોરણ–૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના હિન્દી અભ્યાસક્રમ પ્રત્યેના વલણો જાણી ત્યાર પછીના શિક્ષણમાં અપેક્ષિત પરિવર્તન લાવી શકાય છે.

**૫.સંશોધનના હેતુઓ**

(૧) પેટલાદ તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો હિન્દી વિષય પરત્વેનો અભ્યાસ કરવો.
(૨) હિન્દી વિષય પ્રત્યેના વલણ માપન માટે વલણ માપદંડની રચના કરવી.

(૩) પેટલાદ તાલુકાની માધ્યમિક શાળાના ગ્રામિણ વિસ્તારના વિદ્યાર્થીઓના હિન્દી વિષય પરત્વેના વલણો જાણવા.

(૪) પેટલાદ તાલુકાની માધ્યમિક શાળાના શહેરી વિસ્તારનાં વિદ્યાર્થીઓના હિન્દી વિષય પરત્વેના વલણોનો અભ્યાસ કરવો.

(૫) પેટલાદ તાલુકાની સ્વનિર્ભર અને અનુદાનિત માધ્યમિક શાળાની વિદ્યાર્થી અને વિદ્યાથીનીઓના હિન્દી વિષય પરત્વેના વલણોનો અભ્યાસ કરવો.

**૬.અભ્યાસની ઉત્કલ્પનાઓ**

Ho1 ધોરણ–૯ના કુલ છોકરાઓ અને છોકરીઓના હિન્દી ભાષા પરત્વેના મનોવલણના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

Ho2 ધોરણ–૯ના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુલ વિદ્યાર્થીઓને હિન્દી ભાષા પરત્વેના મનોવલણોના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

Ho3 ધોરણ–૯ના સ્વનિર્ભર અને અનુદાનિત શાળાઓના વિદ્યાર્થીઓને હિન્દી ભાષા પરત્વેના મનોવલણોના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

Ho4 ધોરણ–૯ના ગ્રામ્ય વિસ્તારના સ્વનિર્ભર અને અનુદાનિત શાળાઓના કુલ વિદ્યાર્થીઓને હિન્દી ભાષા પરત્વેના મનોવલણોના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

Ho5 ધોરણ–૯ના શહેરી વિસ્તારના સ્વનિર્ભર અને અનુદાનિત શાળાઓના કુલ વિદ્યાર્થીઓને હિન્દી ભાષા પરત્વેના મનોવલણોના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

Ho6 ધોરણ–૯ના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુલ છોકરાઓના હિન્દી ભાષા પરત્વેના મનોવલણોના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

Ho7 ધોરણ–૯ના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુલ છોકરીઓના હિન્દી ભાષા પરત્વેના મનોવલણોના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

Ho8 ધોરણ–૯ના સ્વનિર્ભર અને અનુદાનિત શાળાઓના છોકરાઓને હિન્દી ભાષા પરત્વેના મનોવલણોના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

Ho9 ધોરણ–૯ના સ્વનિર્ભર અને અનુદાનિત શાળાઓના છોકરીઓને હિન્દી ભાષા પરત્વેના મનોવલણોના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

Ho10 ધોરણ–૯ના ગ્રામ્ય વિસ્તારના સ્વનિર્ભર અને અનુદાનિત શાળાઓના કુલ છોકરાઓને હિન્દી ભાષા પરત્વેના મનોવલણોના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

Ho11 ધોરણ–૯ના ગ્રામ્ય વિસ્તારના સ્વનિર્ભર અને અનુદાનિત શાળાઓના કુલ છોકરીઓને હિન્દી ભાષા પરત્વેના મનોવલણોના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

Ho12 ધોરણ–૯ના શહેરી વિસ્તારના સ્વનિર્ભર અને અનુદાનિત શાળાઓના કુલ છોકરાઓને હિન્દી ભાષા પરત્વેના મનોવલણોના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

Ho13 ધોરણ–૯ના શહેરી વિસ્તારના સ્વનિર્ભર અને અનુદાનિત શાળાઓના કુલ છોકરીઓને હિન્દી ભાષા પરત્વેના મનોવલણોના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

**૭.અભ્યાસના ચલ**

**૭.૧સ્વતંત્ર ચલ**

સ્વતંત્રચલ એ એવો ઘટક છે કે જેને સંશોધક અવલોકન હેઠળની ઘટના પરનો તેનો સંબંધ નક્કી કરવા માટે પસંદ કરે છે. આ સંશોધનમાં જાતિ સ્વતંત્ર ચલ છે.

**૭.૨ પરતંત્ર ચલ**

હિન્દી ભાષા પરત્વેના વલણો છે.

**૭.૩ અંકુશિત ચલ**

આણંદ જિલ્લાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ છે.

Vol. 6, Sp. Issue: 5, May: 2018
(IJRSML) ISSN: 2321 - 2853

**૮.સંશોધનનું વ્યાપવિશ્વ**

સંશોધન સમસ્યાને અનુરૂપ માહિતી એકત્ર કરવા માગતા હોય તેના સમૂહને વ્યાપવિશ્વ તરીકે ઓળખવામાં આવે છે. વ્યાપવિશ્વ સજીવ કે નિર્જીવ વસ્તુઓનું હોઈ શકે છે. સંશોધક સમગ્ર સંશોધન દરમ્યાન પૂરેપૂરા સમૂહને પહોંચી વળી શકે નહિ તેથી તેમાંથી પ્રતિનિધિરૂપ નમૂનો પસંદ કરે છે જે તારણો નમૂના પરથી મળે છે. તે સમગ્ર વ્યાપવિશ્વને લાગુ પાડવામાં આવે છે. પેટલાદ તાલુકાની ૧૦ માધ્યમિક શાળા વ્યાપવિશ્વ તરીકે લીધેલ છે.

**૯.નમૂનો / નિદર્શ**

પ્રસ્તુત સંશોધનમાં નિદર્શ તરીકે આણંદ જિલ્લાની માધ્યમિક શાળાના ધોરણ–૯ના ૧૫૦ વિદ્યાર્થીઓને લેવામાં આવ્યા છે.

**૧૦.સંશોધન પદ્ધતિ :** પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

**૧૧.સંશોધન ક્ષેત્ર :** પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર મનોવિજ્ઞાનિક છે.

**૧૨.સંશોધનનું ઉપકરણ**

કોઈપણ સર્વેક્ષણ કરતા પહેલા કઈ કઈ બાબતોનું સર્વેક્ષણ કરવાનું છે અને કયા નમૂના ઉપર કરવાનું છે તે બાબતો ચોક્કસ થવું જોઈએ. કારણ કે તેના આધારે જ ઉપકરણની પસંદગી કે સંરચના કરવામાં સરળ રહે છે. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિને ધ્યાનમાં રાખીને પ્રશ્નાવલી ઉપકરણ તરીકે પસંદ કરવામાં આવી હતી.

**૧૩.તારણો**

(૧) ધોરણ–૯ના કુલ છોકરાઓ અને છોકરીઓ હિન્દી ભાષા પ્રત્યેના મનોવલણનાં સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે.
(૨) ધોરણ–૯ ના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુલ વિદ્યાર્થીઓને હિન્દી ભાષા પ્રત્યેના મનોવલણનાં સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે.
(૩) ધોરણ–૯ ના સ્વનિર્ભર અને અનુદાનિત શાળાના વિદ્યાર્થીઓને હિન્દી ભાષા પ્રત્યેના મનોવલણનાં સરાસરી પ્રાપ્તાંકો અસમાન જોવા મળે છે.
(૪) ધોરણ–૯ ના ગ્રામ્ય વિસ્તારના સ્વ–નિર્ભર અને અનુદાનિત શાળાના કુલ વિદ્યાર્થીઓને હિન્દી ભાષા પ્રત્યેના મનોવલણનાં સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે.
(૫) ધોરણ–૯ ના શહેરી વિસ્તારના સ્વ–નિર્ભર અને અનુદાનિત શાળાના વિદ્યાર્થીઓને હિન્દી ભાષા પ્રત્યેના મનોવલણનાં સરાસરી પ્રાપ્તાંકો અસમાન જોવા મળે છે.
(૬) ધોરણ–૯ ના શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના છોકરાઓના હિન્દી ભાષા પ્રત્યેના મનોવલણનાં સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે.
(૭) ધોરણ–૯ ના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની છોકરીઓની હિન્દી ભાષા પ્રત્યેના મનોવલણનાં સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે.
(૮) ધોરણ–૯ ના સ્વનિર્ભર અને અનુદાનિત છોકરાઓને હિન્દી ભાષા પ્રત્યેના મનોવલણનાં સરાસરી પ્રાપ્તાંકો અસમાન જોવા મળે છે.
(૯) ધોરણ–૯ ના સ્વનિર્ભર અને અનુદાનિત છોકરીઓના હિન્દી ભાષા પ્રત્યેના મનોવલણનાં સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે.
(૧૦)ધોરણ–૯ ના ગ્રામ્ય વિસ્તારના સ્વનિર્ભર અને અનુદાનિત છોકરાઓના હિન્દી ભાષા પ્રત્યેના મનોવલણનાં સરાસરી પ્રાપ્તાંકો અસમાન જોવા મળે છે.
(૧૧)ધોરણ–૯ ના ગ્રામ્ય વિસ્તારના સ્વનિર્ભર અને અનુદાનિત છોકરીઓના હિન્દી ભાષા પ્રત્યેના મનોવલણનાં સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે.
(૧૨)ધોરણ–૯ ના શહેરી વિસ્તારના સ્વનિર્ભર અને અનુદાનિત છોકરાઓનાં હિન્દી ભાષા પ્રત્યેના મનોવલણનાં સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે.
(૧૩)ધોરણ–૯ ના શહેરી વિસ્તારના સ્વનિર્ભર અને અનુદાનિત શાળાઓની છોકરીઓનાં હિન્દી ભાષા પ્રત્યેના મનોવલણનાં સરાસરી પ્રાપ્તાંકો અસમાન જોવા મળે છે.

**૧૪. સંશોધનના ફલિતાર્થો**

**વિદ્યાર્થીઓને હિન્દી ભાષાના અધ્યયનમાં રસ ઉદ્દ્ભવે તે માટે જુદી જુદી પ્રવિધિઓના ઉપયોગ દ્વારા શિક્ષણ કાર્ય કરાવવું જોઈએ. અધ્યયન કાર્ય વિદ્યાર્થીને ચર્ચામાં ભાગ લેવા માટે ઉત્પ્રેરીત કરવો જોઈએ. વર્ગખંડમાં વિદ્યાર્થીઓને ભાષાતંર વ્યાકરણ, વિષયવસ્તુ સંબંધિત સતત માર્ગદર્શન આપતુ રહેવું જોઈએ તેમજ હિન્દી ભાષા યાદ રાખવા માટે સરળ પદ્ધતિ શીખવવી જોઈએ. હિન્દી ભાષામાં અનાત્મલક્ષી (MCQ) પ્રશ્નોનો સમાવેશ કરવો જોઈએ. આધુનિક શિક્ષણ જગતમાં શિક્ષકો માત્ર પરીક્ષાલક્ષી અભ્યાસક્રમ ચલાવી શકે છે. તેઓ માત્ર અભ્યાસક્રમ અને પરીક્ષાને વધુ મહત્વ આપતા હોય છે. પરંતુ આધુનિક યુગમાં અનેક પરિવર્તનોને કારણે વિદ્યાર્થીઓને બાહ્ય વાતાવરણ અંગેનું શિક્ષણ આપવું જોઈએ.**

**સંદર્ભ સૂચિ**

**આચાર્ય મોહિની (૨૦૦૯) "શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર" (દ્વિતીય આવૃત્તિ) અક્ષર પબ્લિકેશન, અમદાવાદ**

Alonso-Tapia, J., and Fernandez, B. (2008). Development and initial validation of the classroom motivational climate questionnaire (CMCQ). Psicothema 20,883–889.

Alonso-Tapia, J., Panadero, E., and Ruiz, M. A. (2014). Development and validity of the emotion and motivation self-regulation questionnaire (EMSR-Q). Span. J. Psychol.17:e55. doi: 10.1017/sjp.2014.41

Andrade, H. (2010). “Students as the definitive source of formative assessment: academic self-assessment and the self-regulation of learning,” in Handbook of Formative Assessment, eds H. J. Andrade and G. J. Cizek (New York, NY:Routledge), 90–105.